Gujarati

Australian Government

# રક્ષા બંધન (રાખડી)

## જૈવ સુરક્ષા

મે 2024




## મહત્વપૂર્ણ જૈવ સુરક્ષા માહિતી

વિદેશમાંથી આવતો ખોરાક, વનસ્પતિઓને લગતી સામગ્રી અને પ્રાણી ઉત્પાદનો ઓસ્ટ્રેલિયામાં વિશ્વની સૌથી વધુ નુકસાનકારક જીવાતો અને રોગો લાવી શકે છે. આનાથી આપણા અનોખા પર્યાવરણ અને મૂલ્યવાન કૃષિ અને પર્યટન ઉદ્યોગોનો વિનાશ થઈ શકે છે.

જો તમે વિદેશથી આવી રહ્યા હોવ અથવા તમને મળવા વિદેશી મુલાકાતીઓ આવી રહ્યા છે, તો એ મહત્વનું છે કે તમે, તમારા પરિવાર અને મુલાકાતીઓ ઓસ્ટ્રેલિયાના કડક જૈવ સુરક્ષા કાયદાઓથી માહિતગાર હોવ.

જો તમે ટપાલ દ્વારા રક્ષાબંધનની ભેટ મેળવવાની અપેક્ષા રાખતા હોવ, તો તમારા પરિવાર અને વિદેશમાં રહેતા મિત્રોને ટપાલ મોકલતાં પહેલાં ઓસ્ટ્રેલિયામાં જે તે ઉત્પાદનોને મંજૂરી છે કે કેમ તે તપાસવા માટે કહો. ટપાલમાં મોકલેલ ખોખાં પર ડાક-ઘોષણા લેબલમાં અંદર મૂકેલ તમામ સામગ્રીઓની ચોક્કસ સૂચિ હોવી આવશ્યક છે, જેથી સરહદ પર તેનું મૂલ્યાંકન કરી શકાય.

## ઓસ્ટ્રેલિયામાં જૈવ સુરક્ષા જોખમી માલસામાનને આવતો અમે કેવી રીતે રોકીએ છીએ

ઓસ્ટ્રેલિયામાં જંતુઓ અને રોગો લાવી શકે તેવી વસ્તુઓને ઓળખવા માટે સામાન અને આંતરરાષ્ટ્રીય ટપાલોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આમાં પ્રવાસીઓની પૂછપરછ કરતા જૈવ સુરક્ષા અધિકારીઓ અથવા એક્સ-રે, સુંઘીને શોધી કાઢતાં કૂતરાં અને/અથવા જાત-તપાસનો ઉપયોગ કરીને માલસામાનની તપાસનો સમાવેશ થઈ શકે છે.

## જૈવ સુરક્ષા જોખમ રજૂ કરતાં ઉત્પાદનો

રક્ષાબંધન ભેટ કે જે જૈવ સુરક્ષા જોખમ ઊભું કરી શકે છે તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- બીજ અથવા ફૂલોથી બનાવેલા રાખડીના દોરા
- પરંપરાગત ભારતીય મીઠાઈઓ (મીઠાઈ) જેમાં દૂધ હોય છે, જેમ કે બરફી, મૈસુર પાક, ગુલાબ જાબું, રસગુલ્લા, પેંડા અથવા સોન-પાપડી
- બિસ્કીટ, કેક અને બ્રેડ જેને ફ્રિજમાં રાખવાની જરૂર હોય
- કાજુ, બદામ, અખરોટ જેવો સૂકો મેવો
- ચા અને ઔષધો
- અનાજ અને કઠોળ જેમાં ચોખા, ઘઉં, દાળ, ચણા અને કઠોળનો સમાવેશ થાય છે.





## ઓસ્ટ્રેલિયાને જીવાતો અને રોગોથી બચાવવામાં મદદ કરો

- તમારી રક્ષાબંધન ભેટ ઓસ્ટ્રેલિયામાંથી જ ખરીદો.
- ઓસ્ટ્રેલિયામાં ઉત્પાદન લાવતા અથવા ટપાલ મારફતે મોકલતાં પહેલાં, agriculture.gov.au/mailing-bringing-goods ની મુલાકાત લઈને, તેની મંજૂરી છે કે નહીં તે તપાસો.
- વિદેશમાં રહેતા તમારા પરિવાર અને મિત્રોને તેઓ જે ભેટ લાવવા માગે છે અથવા મોકલવા માંગે છે તેની ઓસ્ટ્રેલિયામાં મંજૂરી છે કે કેમ તે તપાસવા માટે કહો.

## ઓસ્ટ્રેલિયા આવતી વખતે

ઓસ્ટ્રેલિયા આવતી વખતે તમારે:

- જો તમે ખોરાક, વનસ્પતિને લગતી સામગ્રી અથવા પ્રાણી ઉત્પાદનો લાવી રહ્યા હોવ તો, તમારા ઇનકમિંગ પેસેન્જર (આવી રહેલ મુસાફર) કાર્ડ પર સત્યતાપૂર્વક ઘોષણા કરો. ખોટી અથવા ભ્રામક માહિતી આપવી એ ગંભીર ગુનો છે. વસ્તુઓ જાહેર કરવામાં નિષ્ફળતા, એક ગંભીર દંડમાં પરિણમી શકે છે.
- કોઈપણ ખાદ્યપદાર્થ, વનસ્પતિને લગતી સામગ્રી અથવા પ્રાણી ઉત્પાદનો માટે "હા" ચિહ્નિત કરો.

જો તમને ખાતરી ન હોય, તો જૈવ સુરક્ષા અધિકારી સાથે વાત કરવા માટે તમારા ઇનકમિંગ પેસેન્જર કાર્ડ પર "હા" ચિહ્નિત કરો.

તમારે ભેટ સહિતના જાહેર કરવાની જરૂર હોય તેવા કોઈપણ ઉત્પાદનો, જૈવ સુરક્ષા અધિકારી દ્વારા તપાસ માટે તૈયાર રાખવા, તમારા સામાનમાં સૌથી ઉપર રાખવા જોઇએ છે.

ઘોષિત વસ્તુઓની સારવાર અથવા નિકાસ (તમારા ખર્ચે) અથવા નાશ કરવાની જરૂર પડી શકે છે. જૈવ સુરક્ષા જોખમ ન ધરાવતી વસ્તુઓ તમને પરત કરવામાં આવશે.

જો તમે જૈવ સુરક્ષા અધિકારીને અથવા તમારા ઇનકમિંગ પેસેન્જર કાર્ડ પર ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી પ્રદાન કરો છો, અથવા જો તમે વસ્તુઓ વિશેના પ્રશ્નોના જવાબ આપવામાં અથવા જૈવ સુરક્ષા અધિકારી દ્વારા આપવામાં આવેલા નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ જાઓ છો, તો તમને:

- ઉલ્લંઘનની ચેતવણી મળી શકે છે
- દીવાની દંડની કાર્યવાહી થઇ શકે છે, અને/અથવા
- ફોજદારી ગુના માટે કાર્યવાહી કરવામાં આવી શકે છે.

તમારા વિઝા પણ રદ થઈ શકે છે અને જો એમ થાય તો, તમને ઓસ્ટ્રેલિયામાં પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવશે અને તમે ત્રણ વર્ષ સુધી ઓસ્ટ્રેલિયા પરત ન પણ ફરી શકશો નહીં. જો તમે તમામ માલસામાનની ઘોષણા કરો છો અને રજૂ કરો છો, તો તેની ઓસ્ટ્રેલિયામાં મંજૂરી ન હોય તો પણ, તમને *બાયોસિક્યોરિટી એક્ટ ૨૦૧૫* (જૈવ સુરક્ષા કાયદો ૨૦૧૫) હેઠળ દંડ કરવામાં આવશે નહીં.

**ફોન** ૧૮૦૦ ૯૦૦ ૦૯૦ અથવા
+૬૧ ૩ ૮૩૧૮ ૬૭૦૦ (ઓસ્ટ્રેલિયા બહારથી)

**વધુ માહિતી માટે**
agriculture.gov.au/travelling-mailing

**ફેસબુક:** Australian Biosecurity
**ઇન્સ્ટાગ્રામ:** @australianbiosecurity

BIO078.0524